# પીંજરત સહકારી મંડળીની જમીનનું 1,500 કરોડનું કૌભાંડ

**ગરીબ** ખેડૂતો પાસેથી નજીવી કિંમતે જમીન પડાવી લેવાનો મંડળીના માજી પ્રમુખનો આરોપ

**વડાપ્રધાનથી** કલેક્ટર સુધી ફરિયાદ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ

સુરતઃ ચોર્યાસી તાલુકાના પીંજરત ગામની ધી પીંજરત ખારી જમીન સુધારનારી ગણોતિયા સહકારી મંડળી લિ. ની અંદાજે 280.53 વીંઘા જમીનને લઈને કરોડો રૂપિયાના કૌભાંડના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. મંડળીના માજી પ્રમુખ ચંપકલાલ વિઠ્ઠલભાઈ પટેલે વર્તમાન પ્રમુખ, મંત્રી અને મેનેજર સહિતની ટોળકી પર ગરીબ ખેડૂત સભાસદોની જમીન પડાવી લઈને અંદાજે રૂ. 1,400થી 1,500 કરોડના કૌભાંડને અંજામ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

આ સમગ્ર મામલે વડાપ્રધાન, મુખ્યમંત્રી, રાજ્ય સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર, જિલ્લા કલેક્ટર અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓને લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ કાયદેસરની કાર્યવાહી ન થતાં ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. ફરિયાદ મુજબ, વર્ષ 1952માં સરકાર દ્વારા ગરીબ ખેડૂતોને ખેતી માટે આ જમીન ફાળવવામાં આવી હતી. છેલ્લા બે વર્ષથી મંડળીના વર્તમાન પ્રમુખ પ્રમોદભાઈ ડાહ્યાભાઈ પટેલ, મેનેજર નરેશભાઈ લલ્લુભાઈ પટેલ તથા તેમની સાથે સંકળાયેલી ટોળકી રાજકીય પ્રભાવ ધરાવતા ભૂમાફિયાઓ સાથે મળીને ખેડૂતોની જમીન પડાવી લેવાના પ્રયાસો કરી રહી હોવાનું જણાવાયું છે.

ખેડૂતોને લોભ, લાલચ અને ધમકીઓ આપીને માત્ર એક વીંઘા દીઠ રૂ. 6 લાખ જેવી નજીવી કિંમતે જમીન લખાવી લેવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે, જ્યારે જમીનની વાસ્તવિક કિંમત અનેકગણી વધુ હોવાનું ખેડૂતોએ દાવો કર્યો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે એક વચેટિયો મંડળીના તમામ દસ્તાવેજો લઈને ખેડૂતોના ઘરે જઈ રહ્યો છે અને જમીન અંગે દબાણ કરી રહ્યો છે. મંડળીના માજી પ્રમુખ ચંપકલાલ વિઠ્ઠલભાઈ પટેલે જણાવ્યું કે ગરીબ ખેડૂતોના હક્કોની રક્ષા માટે જરૂર પડશે તો હાઈકોર્ટ સુધી કાનૂની લડત લડવામાં આવશે. તેમણે કહ્યું કે, "અમે અમારો જીવ આપી દઈશું, પરંતુ અમારી પૂર્વજોની જમીન કોઈ પણ ભોગે નહીં આપીએ."

### નવા શેર આપવાના બહાને જૂના શેર લઈ લીધા, નવ મહિનાથી નવા શેર મળ્યા નથી

ફરિયાદમાં જણાવ્યા મુજબ, મંડળીના સંચાલકો દ્વારા સભાસદોને નવા શેર પ્રમાણપત્રો આપવાના બહાને તેમના જૂના શેર જબરદસ્તી લઈ લેવામાં આવ્યા હતા. જોકે છેલ્લા લગભગ નવ મહિનાથી ખેડૂતોને નવા શેર પ્રમાણપત્રો આપવામાં આવ્યા નથી. જે ખેડૂતોએ જૂના શેર જમા કરાવવાનો અથવા જરૂરી દસ્તાવેજો પર સહી કરવાનો ઇનકાર કર્યો છે, તેમના પર દબાણ અને હુમલાના બનાવો પણ બન્યા હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

### ખેડૂત પર હુમલાનો પણ આક્ષેપ, પોલીસ ફરિયાદ નોંધાઈ

ફરિયાદમાં જણાવાયું છે કે મંડળીના સભાસદ ચંપકલાલ વિઠ્ઠલભાઈ પટેલ પર 24 ઓગસ્ટ, 2025ના રોજ મંડળીના મેનેજર નરેશભાઈ લલ્લુભાઈ પટેલ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી હોવાનું જણાવાયું છે.

### 36 ભાગના બદલે માત્ર 10 ભાગ પાડ્યા હોવાનો આક્ષેપ

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે બ્લોક નંબર-2067ની જમીનનું વર્ષ 2016માં 36 ખેડૂત સભાસદો વચ્ચે સત્તાવાર રીતે 36 હિસ્સામાં વિભાજન કરવામાં આવ્યું હતું. પરંતુ હાલના પ્રમુખ અને મેનેજરે સભાસદોની જાણ બહાર 31 માર્ચ, 2026ના રોજ અરજી દ્વારા માત્ર 10 ભાગ પાડી માપણી કરાવી હોવાનું જણાવાયું છે. આ રીતે બાકીના સભાસદોના હિસ્સા ગેરકાયદેસર રીતે અન્યત્ર સગેવગે કરવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

# તાપમાન 36.8 ડિગ્રી થતાં અસહ્ય ઉકળાટ

**લઘુત્તમ** તાપમાન 29 ડિગ્રી નોંધાયું, ભેજના કારણે બફારામાં વધારો

સુરત : સુરત શહેરમાં ચોમાસાના આગમન બાદ વરસાદી માહોલ લાંબો સમય ટકી શક્યો નથી. ચોમાસાના આગમનના ત્રીજા દિવસે પણ ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં મહત્તમ તાપમાન દોઢ ડિગ્રીના વધારા સાથે 36.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાતા બપોરના સમયે આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. રસ્તાઓ પર નીકળતા લોકોને આકરા તાપ અને ભેજના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. માત્ર દિવસ દરમિયાન જ નહીં પરંતુ રાત્રિના સમયે પણ લોકોને ગરમીમાંથી રાહત મળી નહોતી. લઘુત્તમ તાપમાન 29 ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું નોંધાતા રાત્રિ દરમિયાન અસહ્ય ઉકળાટ અને બફારાનો અનુભવ થયો હતો. વરસાદી મોસમમાં સામાન્ય રીતે તાપમાનમાં ઘટાડો જોવા મળતો હોય છે, પરંતુ હાલ ગરમી અને ભેજના સંયુક્ત પ્રભાવને કારણે લોકો પરેશાન બન્યા છે. હવામાં ભેજનું પ્રમાણ 53 ટકા નોંધાયું હતું, જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક આશરે 10 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. ભેજનું પ્રમાણ વધતા શરીર પર ગરમીની અસર વધુ તીવ્ર અનુભવાઈ હતી, જેના કારણે બપોરના સમયે બજારો અને જાહેર સ્થળોએ લોકોની અવરજવર પણ ઓછી જોવા મળી હતી. હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન શહેર અને આસપાસના વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

## નીટ પેપરલીક મામલે યુવક કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયું

સુરતઃ દેશભરમાં ચકચાર જગાવનારા નીટ પેપરલીક કાંડના વિરોધમાં સુરત શહેર યુવક કોંગ્રેસના પ્રમુખ મેહુલ રાયકાની આગેવાની હેઠળ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. યુવક કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, ભાજપ સરકાર પેપર લીક માફિયાઓને રક્ષણ આપી રહી છે અને દેશ તેમજ પ્રદેશમાં શિક્ષણ વ્યવસ્થા ભ્રષ્ટાચારનો અખાડો બની ગઈ છે. આ કૌભાંડના કારણે દેશના 22 લાખથી વધુ અને ગુજરાતના 85 હજારથી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે તથા ડૉક્ટર બનવાનું સ્વપ્ન જોનારા સામાન્ય મધ્યમ વર્ગના યુવાનોના સપનાઓ કેન્દ્ર સરકારની નિષ્ફળતાને કારણે તૂટી ગયા છે. આ ગંભીર બેદરકારી બદલ કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પોતાની નૈતિક જવાબદારી સ્વીકારીને તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ તેવી માંગ કરવામાં આવી હતી.

### તાપીમાં માછલી શોધી રહેલા બગલા



■ સુરતની તાપી નદીમાં જ્યારે ઓછું પાણી હોય છે ત્યારે બગલાઓ મોટી સંખ્યામાં અહીં જોવા મળે છે. તેનું કારણ એ છે કે છીછરા પાણીમાં માછલી સરળતાથી મળી રહે છે. **(તસવીર : સતીષ જાદવ)**

## સંક્ષિપ્ત સમાચાર

### અમદાવાદી ચાંપાનેરી ઘાંચી જ્ઞાતિમંડળની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી યોજાશે

સુરતઃ અમદાવાદી ચાંપાનેરી ઘાંચી જ્ઞાતિ વાડી મંડળની વ્યવસ્થાપક સમિતિમાંથી તા 31-03-2026નાં રોજ પાંચ સભ્યોની ત્રણ વર્ષની મુદત પુરી થતાં તેમને ફારેગ થયેલા જાહેર કરવામાં આવ્યા હતા અને આ ખાલી પડેલ પાંચ બેઠકોની ત્રણ વર્ષની મુદત માટેની ચૂંટણી આગામી તા.26મી જુલાઈના રોજ રવિવારે સવારે 9 થી બપોરે 3 સુધી યોજવામાં આવી છે. ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ વાડીનાં નોટિસ બોર્ડ પર મૂકવામાં આવ્યો છે. તા. 31-03-2026 નાં રોજ પુરાં થયેલા વર્ષની વાડી મંડળની વાર્ષિક સામાન્ય સભા તા 2-8-2026 ને રવિવારનાં રોજ સવારે 10:00 કલાકે મળશે.

### પિતા અને વિદ્યાર્થીઓ દ્વારા વ્હાઇટ લોટસ સ્કૂલમાં ફાધર્સ અને યોગ ડે ઉજવાયો



સુરતઃ વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ફાધર્સ ડે અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. યોગ, રમતો, ડાન્સ અને વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ દ્વારા પિતા અને બાળકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત યોગ સત્રથી કરવામાં આવી હતી. બાદમાં વિવિધ રમતો રમાડાઈ હતી. આ પ્રસંગે સ્કૂલના પ્રિન્સિપાલ પૂર્વિકા સોલંકીએ જણાવ્યું હતું કે પિતા માત્ર વાલી જ નહીં, પરંતુ બાળકના પ્રથમ માર્ગદર્શક, મિત્ર અને પ્રેરણાસ્ત્રોત હોય છે. સ્કૂલમાં શિક્ષણ માત્ર અભ્યાસ પૂરતું મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ, પારિવારિક મૂલ્યો અને જીવનભર યાદ રહી જાય તેવી ક્ષણોનું સર્જન પણ એટલું જ મહત્વનું માનવામાં આવે છે.

### ઉત્તર ગુજરાત શારદાનિકેતન સ્કૂલમાં ધો.1થી 8ના વિદ્યાર્થીઓ માટે વાલી સંમેલન યોજાયું



સુરતઃ ઉત્તર ગુજરાત શારદાનિકેતન પ્રાથમિક વિભાગમાં ધોરણ 1થી 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે શૈક્ષણિક માર્ગદર્શન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા રેશ્મા પટેલે તેમણે વાલીઓને પોતાના આચરણ દ્વારા બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન કરવા તેમજ તેમના શૈક્ષણિક વિકાસમાં સક્રિય સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. સંમેલનમાં બાળકોના અભ્યાસને વધુ અસરકારક બનાવવા વાલીઓ કેવી રીતે સહયોગ આપી શકે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શાળાના શિક્ષકમિત્રોએ પોતાના દ્વારા ભણાવવામાં આવતા વિવિધ વિષયોની માહિતી આપી વાલીઓ સાથે શૈક્ષણિક મુદ્દાઓ પર સંવાદ સાધ્યો હતો.

### CA સ્ટુડન્ટ્સ નેશનલ કોન્ફરન્સ 'અધ્યાય-2026'નું આયોજન કરાયું





સુરતઃ ICAI સુરત બ્રાન્ચ (WIRC) અને WICASA સુરત દ્વારા આયોજિત CA સ્ટુડન્ટ્સ નેશનલ કોન્ફરન્સ-2026 'અધ્યાય'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સમાં દેશભરના 1,500થી વધુ CA વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ICAIના સેન્ટ્રલ કાઉન્સિલ સભ્યો સીએ. જય છૈરા અને સીએ. અર્પિત કાબરાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ICAI સુરત બ્રાન્ચના ચેરમેન સીએ. રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે આ કોન્ફરન્સ વિદ્યાર્થીઓને શૈક્ષણિક અભ્યાસ ઉપરાંત પ્રતિષ્ઠિત વ્યક્તિત્વો પાસેથી જીવન અને વ્યવસાય સંબંધિત મૂલ્યવાન માર્ગદર્શન મેળવવાની તક પૂરી પાડે છે. WICASA સુરતના ચેરમેન સીએ. પ્રીતેશ શાહે જણાવ્યું હતું કે સી.આર. પાટીલની ઉપસ્થિતિ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી બની હતી. કાર્યક્રમમાં ભાજપ સુરત શહેરના પ્રમુખ પરેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### રોટરી ક્લબ ઓફ સુરતના નવા પ્રમુખ તરીકે હર્ષદ કિનખાબવાલાએ ચાર્જ સંભાળ્યો





સુરત : 90 વર્ષ જૂની રોટરી ક્લબ ઓફ સુરતના નવા પ્રમુખ તરીકે રોટેરિયન હર્ષદ કિનખાબવાલા અને તેમની ટીમનો પદગ્રહણ વિધિ સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. રોટરી ડિસ્ટ્રિક્ટ-3060ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિલેશ શાહના હસ્તે યોજાયેલા સમારોહમાં ભૂતપૂર્વ રોટરી ઇન્ટરનેશનલ ડિરેક્ટર કમલ સંઘવી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. નવા પ્રમુખ હર્ષદ કિનખાબવાલાએ પર્યાવરણ, શિક્ષણ, માતા-બાળ આરોગ્ય, સ્વચ્છ પાણી, રોગ નિવારણ અને શાંતિ નિર્માણ સહિતના સાત મુખ્ય ક્ષેત્રોમાં સેવા કાર્યોને વધુ વેગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે નિલેશ શાહે રોટરેક્ટ અને ઇન્ટરેક્ટ ક્લબોને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો, જ્યારે કમલ સંઘવીએ ગુણવત્તા આધારિત નેતૃત્વ અને શાંતિપૂર્ણ વિશ્વના નિર્માણનો સંદેશ આપ્યો હતો.

### સુખ મળવું અને સુખી રહેવું, એ બંને વચ્ચે મોટી ખાઈ છેઃ પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વરધામ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મપ્રેમીઓ સમક્ષ જણાવ્યું હતું કે, સુખ મળવું અને સુખી રહેવું એ બંને વચ્ચે મોટી ખાઈ છે.સુખી માણસનાં સામ્પ્રત સમયમાં ચાર સિમ્બોલ હોય છે. ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, એસિટીડી અને બ્લડપ્રેશર. આ ચારેય ચીજો મોટા ભાગના શ્રીમંતોમાં ઓછા-વત્તા અંશે હોય છે. શ્રીમંત વ્યક્તિઓએ બે થી ત્રીજી રોટલીની ભૂખ હોવા છતાં ડોક્ટરને પૂછવું પડે છે કે, સાહેબ ! તમે મને બે રોટલી જ ખાવાનું કીધું છે પણ ભૂખ છે. જો તમે કહેતા હો તો ત્રીજી રોટલી ખાઉં... આ કેવું બંધન છે ? ઘરમાં બધા મિઠાઇની મહેફિલ જમાવતા હોય ત્યારે ઘરના મોભ સમાન વ્યક્તિને ડાયાબિટીશના કારણે ડોક્ટરે મિઠાઈ ખાવાની ના પાડી હોય છે.

### સુરત મનપા પેન્શનરની સિનિયર સિટિઝન ક્લબની માસિક મિટિંગ મળી

સુરતઃ સુરત મહાનગરપાલિકા પેન્શનરની સિનિયર સિટિઝન ક્લબની માસિક સભા દિલીપભાઈ દેસાઈનાં અધ્યક્ષસ્થાને તા. ૨૨-૦૬-૨૦૨૬ ને બુધવારે સિની. સિટિઝન હોલ, ઈશિતાપાર્ક, અડાજણ ખાતે મળી હતી. કાર્યક્રમમાં જૂન મહિનામાં જન્મદિન ધરાવનારની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. બાદમાં મલ્હાર ગૃપના નિખીલ શેઠ સહિતની ટીમે ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. ટીમનો પરિચય અશ્વિનભાઈ પરમારે આપ્યો હતો. સંચાલન રાજેન્દ્રભાઈ લોઠેએ કર્યુ હતું. આભારવિધિ જયંતિભાઈ દેસાઈએ કરી હતી. અંતમાં ભોજન યોજાયું હતું.

## ગ્લોબલ એક્સ્પોમાં 20 હજાર મુલાકાતી આવ્યા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા 'ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો-૨૦૨૬'ને બાયર્સનો જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. ચેમ્બરના પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, 'ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો-૨૦૨૬' નામને સાર્થક કરતાં આ એક્ઝિબિશનમાં બે દિવસ દરમિયાન કુલ ૨૦,૦૦૦ વિઝિટર્સે મુલાકાત લીધી હતી, જેમાં ૧,૦૦૦થી વધુ અન્ય શહેરમાંથી આવેલા બાયર્સ અને ઘાનાથી તેમજ નેધરલેન્ડથી આવેલા જેન્યુન બાયર્સનો સમાવેશ થાય છે.

## પાલ ડેપોમાં ચાર્જિંગ દરમિયાન બસની બેટરીમાંથી ધુમાડો નીકળ્યો

સુરતઃ અડાજણ-પાલ રોડ સ્થિત સિટી બસ ડેપોમાં શનિવારે વહેલી સવારે ચાર્જિંગ માટે મૂકવામાં આવેલી એક બસની બેટરીમાંથી અચાનક ધુમાડો નીકળતાં ડેપોમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીના કારણે કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું નહોતું. મળતી માહિતી મુજબ પાલ વિસ્તારમાં આવેલા સિટી બસ ડેપોમાં શનિવારે સવારે આશરે 6:40 વાગ્યે પાર્ક કરેલી એક બસની બેટરી ચાર્જિંગ પ્રક્રિયા દરમિયાન ધુમાડો છોડવા લાગી હતી. બસમાંથી ધુમાડો નીકળતાં જ ડેપોમાં હાજર કર્મચારીઓમાં ભય ફેલાઈ ગયો હતો. ઘટનાની ગંભીરતા સમજી ડેપોના સુપરવાઈઝર જયેશ બોરસેએ તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી.

# વ્યાજબી કારણ વગર ક્લેઈમ નકારી શકાય નહીં

**ક્લેઇમની** રકમ વ્યાજ સાથે ચૂકવવા વીમા કંપનીને આદેશ

સુરતઃ ગ્રાહકના સારવારના ક્લેઈમને ગેરવ્યાજબી કારણો આગળ ધરીને ફગાવી દેવા બદલ ગ્રાહક કોર્ટે ઈન્સ્યુરન્સ કંપનીને સેવામાં ખામી અને અનૈતિક વ્યાપાર પદ્ધતિ માટે કસૂરવાર ઠેરવી વીમા કંપનીને ક્લેઈમની પૂરેપૂરી રકમ વ્યાજ સાથે ચૂકવવા તેમજ માનસિક ત્રાસ અને કાનૂની ખર્ચનું વળતર આપવાનો આદેશ કર્યો હતો.

ડિંડોલી વિસ્તારમાં રહેતા ફરિયાદી ગણેશ પાટિલને જૂન 2022માં શારીરિક તકલીફ થતાં હોસ્પિટલમાં દાખલ થયા હતા અને ઈનડોર પેશન્ટ તરીકે સારવાર કરાવી હતી. આ સારવાર માટે કુલ 67,090નો ખર્ચ થયો હતો. આ અંગે વીમા કંપનીમાં ક્લેઈમ કરતાં વીમા કંપનીએ નોન-એલોપેથિક ડૉક્ટર દ્વારા આપવામાં આવેલી એલોપેથિક સારવાર છે, જે પોલીસીની શરતો મુજબ મળવાપાત્ર નથી તેમ કહી અલગ અલગ કારણ આપી ક્લેઈમ ફગાવ્યો હતો. જેથી ફરિયાદીએ એડવોકેટ પ્રીતિબેન જોષી મારફતે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડીશનલ)ના પ્રમુખ ન્યાયાધીશ આર. એલ. ઠક્કર અને સભ્ય પૂર્વી વી. જોષીની બેન્ચે બંને પક્ષોની દલીલો સાંભળી ચૂકાદામાં નોંધ્યું કે વીમા કંપનીએ અલગ-અલગ પત્રો દ્વારા અનેક કારણો આગળ ધર્યા છે, પરંતુ કોઈ ચોક્કસ ટર્મ્સ એન્ડ કન્ડિશન હેઠળ આ ક્લેઈમ રિજેક્ટ કરાયો તેની કોઈ સ્પષ્ટતા કંપની પોતાના લેખિત જવાબમાં કરી શકી નથી. જેથી ફરિયાદીની ફરિયાદ અંશતઃ મંજૂર કરી હતી.

**અઢી વર્ષ પછી નો-રિપિટેશનમાં પદાધિકારીમાંથી કપાવાના ડરથી**

# મનપાની ખાસ સમિતિમાં સિનિયરો ચેરમેન બનવા તૈયાર નથી!

**દાવેદારો** પોતાને ચેરમેન નહીં બનાવે તે માટે પ્રદેશમાં લોબિંગ કરાવી રહ્યા હોવાની ચર્ચા

**હાલમાં** સામાન્ય સમિતિના ચેરમેન બનીને બાદમાં મોટા હોદ્દાથી વંચિત રહેવાનો ડર

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં વિવિધ સમિતિઓના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષોની વરણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આગામી 30 જુનના રોજ યોજનારી સામાન્ય સભામાં આ સમિતિઓના હોદ્દેદારોના નામની સત્તાવાર જાહેરાત થવાની છે, જેના કારણે બાકી રહી ગયેલા કોર્પોરેટરો માટે પ્રતિષ્ઠાની આ છેલ્લી તક બની ગઈ છે. જો કે આ વખતે ઉલ્ટી ગંગા જેવો ઘાટ છે. જે સિનીયર નગર સેવકો છે અને પદાધિકારીઓના દાવેદાર હતા તેઓ અઢી વર્ષ પછી નો-રિપિટેશન આવે તો પદાધિકારીઓની રેસમાંથી કપાઇ જવાના ભયથી ખાસ સમિતિના ચેરમેન નહી બનાવવા માટે ભલામણો કરાવી રહ્યા હોવાનું જાણવા મળે છે.

મનપામાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન જેવા મુખ્ય પદોની નિમણૂકમાં આંતરિક જુથબંધીને લીધે ઘણો વિલંબ થયો હતો, જેમાં આખરે સ્થાનિક નેતાઓને બાજુ પર રાખીને પ્રદેશ નેતૃત્વની પસંદગી જ આખરી સાબિત થઈ હતી. હવે ભાજપના રાજકારણમાં સતત બદલાઈ રહેલા પ્રવાહો વચ્ચે 30 જૂનની સામાન્ય સભા થનારી ખાસ કમિટિઓની વરણી પહેલા પાયાના કાર્યકરોની સામે કેટલાક નવા ઉત્સાહી ચહેરાઓને તક આપવા માટે આંતરિક લોબિંગ તેજ બન્યું છે.

ત્યારે ગત ટર્મની જેમ નો -રિપિટેશન આવે તો પદાધિકારીઓની રેસમાંથી બાકાત થઈ જવાના ભયથી અમુક સિનીયર કોર્પોરેટરો લોબિંગથી દૂર છે અને ઉલ્ટાનું કમિટિ ચેરમેનમાંથી પતુ કપાવવા મહેનત કરી રહ્યા છે.

**ચોક્કસ ગાઈડલાઈન ન હોવા છતાં રૂટ બદલવાના મુદ્દે વેપારીને હેરાન કર્યો**

# ઈ-વે બિલના બદલે બીજા રૂટ પરથી માલ લઇ જનારને હેરાન કરાયો

**જીએસટીના** ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરાઈ, મામલો કોર્ટમાં લઈ જવાશે

સુરતઃ સ્ટેટ જીએસટી વિભાગની કડક કાર્યવાહી અને કાયદાના કડક અમલીકરણ વચ્ચે ક્યારેક વેપારીઓએ ભારે હાલાકી ભોગવવી પડતી હોવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ઉધનાથી વડોદરા તરફ જતી આ ટ્રકને નિયત રૂટ મુજબ કામરેજ થઈને પસાર થવાનું હતું. જોકે, કોઈ કારણસર ટ્રક ચાલકે રૂટ બદલીને વાયા પલસાણા તરફથી જવાનું નક્કી કર્યું હતું. ટ્રક જેવી કડોદરા ચેકપોસ્ટ પર પહોંચી કે તરત જ ત્યાં હાજર જીએસટીના અધિકારીઓએ તેને તપાસ અર્થે રોકી લીધી હતી. જીએસટી ટીમ દ્વારા તપાસ કરવામાં આવતા ટ્રકમાંથી ઈ-વે બિલ અને ઈનવોઈસ સહિતના તમામ જરૂરી કાગળો મળી આવ્યા હતા. આમ છતાં, માત્ર રૂટ બદલાયો હોવાના ટેકનિકલ મુદ્દાને આગળ ધરીને અધિકારીઓએ આ દસ્તાવેજોને અમાન્ય ઠેરવ્યા હતા. અધિકારીઓએ સેક્શન 130 હેઠળ માલ જપ્ત કરવાની અને જેટલો માલ છે તેટલી જ રકમ વત્તા દંડ વસૂલવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરાયો છે.

### કોઈ ગાઈડલાઈન નથી કે ચોક્કસ રૂટ પરથી માલ મોકલવોઃ એડ્વોકેટ ગાંધી

એડવોકેટ હિતેશ ગાંધીએ કહ્યું કે, જીએસટીના કે ઈવેબિલના નિયમોમાં એવી કોઈ ગાઈડલાઈન નથી કે ચોક્કસ રૂટ પરથી જ માલને ડેસ્ટિનેશન પર મોકલવો. ટ્રેકિંગમાં અધિકારીઓએ ટ્રક ક્યાંથી નીકળી, કયા રૂટ પરથી અને ક્યાં જઈ રહી છે. તો તે ચેક કરી શકે છે. આમ છતાં રૂટ બદલ્યો હોવાના આરોપ હેઠળ અધિકારીએ મનસૂફી પ્રમાણે વેપારીને હેરાન ક્યો છે. આ મામલે ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરી છે અને આગામી દિવસોમાં મામલો કોર્ટમાં લઈ જવાશે.

# નાસીરનગરના 125 અસરગ્રસ્તને કોમ્યુનિટી હોલમાં આશરો અપાયો

**ભરીમાતા** કોમ્યુનિટી હોલમાં મનપા દ્વારા યુદ્ધના ધોરણે સફાઈ-પાણીની સાથે મેડિકલ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી

સુરતઃ વેડદરવાજાના નાસીરનગરમાં થયેલા ડિમોલિશનના અસરગ્રસ્તો પૈકી 125 અસરગ્રસ્તોએ આજે મનપાના ભરીમાતા કોમ્યુનિટી હોલમાં સ્થળાંતર કરી દીધું હતું. સોમવારે હાઈકોર્ટમાં સુનાવણી છે ત્યારે મનપા દ્વારા અસરગ્રસ્તો માટે હંગામી વસવાટ અંગેનો એકશન પ્લાન રજૂ કરવા માટે દોડાદોડી કરવામાં આવી રહી છે.

બપોર સુધી ૧૨૫ જેટલા પ્રભાવિતો ભરીમાતા કોમ્યુનિટી હોલ ખાતે સિફ્ટ થયા હતા. જોકે, કોમ્યુનિટી હોલ ખાતે સફાઈ, ટોયલેટ બ્લોકમાં ગંદકી, પીવાના પાણીના અભાવની ફરિયાદ પ્રભાવિતોએ કરી હતી. સ્થાનિક કોર્પોરેટર અરશદ જરીવાલાએ તાત્કાલિક આ અંગે તંત્રને જાણ કરતાં મનપાની ટીમ દોડતી થઈ ગઈ હતી. હોલમાં સફાઈ ઉપરાંત ટોયલેટ બ્લોકની સફાઈ, પીવાના પાણીના ટેન્કરની સુવિધા તાત્કાલિક ઊભી કરવામાં આવી હતી. મનપા દ્વારા પ્રભાવિતો માટે ૧૫૦ જેટલા બેડિંગ-મેટ્રેસીસની સુવિધા પણ ઊભી કરી છે. તદ્દપરાંત, સિફ્ટ થયેલા પ્રભાવિતો માટે મેડિકલ કેમ્પની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આરોગ્ય અધિકારી, એક મેડિકલ ઓફીસર સહીત પાંચ સભ્યોની ત્રણ મેડિકલ ટીમનું ગઠન કરવામાં આવ્યું છે. આ ટીમોને આજથી ત્રણ દિવસ સ્પેશિયલ ભરીમાતા કોમ્યુનિટી હોલ ખાતે જ મેડિકલ કેમ્પ-ચકાસણીની જવાબદારી સોપવામાં આવી છે.

### અગાઉ રાંદેર-કતારગામ શેલ્ટર હોલમાં શિફ્ટ કરાવવા ચાર પ્રયાસો થયા હતા

નાસીરનગરના કેટલાક પરિવારો દ્વારા હંગામી ધોરણે સ્થળાંતર કરી દેવામાં આવ્યું છે. જ્યારે કેટલાક દ્વારા સ્થળ પર જ ડેરાતંબુ નાખીને વસવાટ કરવામાં આવી રહ્યો છે. મનપા તંત્રએ આ કારણે અસરગ્રસ્તોને રાંદેર, કતારગામ ઝોન વિસ્તારમાં કાર્યરત શેલ્ટર હોલ ખાતે શિફ્ટ થવા માટે જણાવાયું હતું. મ્યુનિ.કમિ.ની સૂચનાથી તંત્ર દ્વારા કાટમાળ વચ્ચે રહેતા લોકોને શિફ્ટ કરવા પ્રયાસ કરાયો હતો પરંતુ અસરગ્રસ્તો દ્વારા ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો.